અપીલ અરજી નં.૧૮૯ તા.૧૭–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ભીમજીભાઈ પટેલ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભીમજીભાઈ પટેલ ની તા.૧૩–૮–૦૯ ની અરજીથી (૧) હાઈડ્રોલીક ઈજનેર જે.કે.શાહની નીમણુંક કયારે (હાઈડ્રોલીક ખાતામાં) થઈ? (૨) જે.કે.શાહની કાર્યપાલક ઈજનેર તરીકે વરાછામાં કયારે નિમણુંક કરવામાં આવેલ. વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૭–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૮૯/૨૦૦૯–૧૦

શ્રી ભીમજીભાઈ પટેલ ની તા.૧૩–૮–૦૯ ની અરજીથી (૧) હાઈડ્રોલીક ઈજનેર જે.કે.શાહની નીમણુંક કયારે (હાઈડ્રોલીક ખાતામાં) થઈ? (૨) જે.કે.શાહની કાર્યપાલક ઈજનેર તરીકે વરાછામાં કયારે નિમણુંક કરવામાં આવેલ. વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૬૦૫ તા.૨૭–૮–૦૯ થી આપેલ માહિતી પૈકી મુદ્દા નં. ૪ અને ૬ ના જવાબથી સંતોષ થયેલ ન હોવાનું તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક વિભાગ તરફથી કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નહીં હોવાનું જણાવી મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સ ેલ/૬૭૮ તા.૨૩–૯–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)અને એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૨૦૫૨ તા.૩૦–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, તથા કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/ઈડીપી/આરટીઆઈ સેલ/૫૦૦/૧૧૭ તા.૧૩–૮–૦૯ થી આઈ ડી નં.૨૦૮ હાઈડ્રોલીક ઈજનેર અને પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કર્યાના પત્રની નકલ, શ્રી જે કે. શાહની સર્વીસ રેકર્ડના પ્રતની નકલ, અરજદારને આપવામાં આવેલી માહિતીના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૬૦૫ તા.૨૭–૮–૦૯ ની નકલ તથા હાઈડ્રોલીક વિભાગે મહેકમ વિભાગને શ્રી જે. કે. શાહના લાયકાત અંગેના સર્ટીફીકેટો જમા લેવા અંગે પાઠવેલ પત્રની સર્ટીફીકેટની નકલ સહિતની નકલ પૂરક વિગતોમાં પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની તા.૧૩–૮–૦૯ ની અરજીથીમુદ્દા નં.૧ હાઈડ્રોલીક ઈજનેર શ્રી જે કે. શાહની નિમણુંક કયારે હાઈડ્રોલીક ખાતામાં થઈ? મુદ્દા નં.૨ (૨) જે.કે.શાહની કાર્યપાલક ઈજનેર તરીકે વરાછામાં કયારે નિમણુંક કરવામાં આવેલ? મુદ્દા નં.(૩) જે.કે.શાહની ઝોનલચીફ તરીકે નિમણુંક કયારે કરવામાં આવેલ? મુદ્દા નં.(૪) સરથાણા વોટર વર્કસમાં છેલ્લા ૨૦૦૭ પછી કેટલા કર્મચારી રાખવામાં આવેલ? (નિમણુંક દરેક વિભાગ પ્રમાણે તેમના નામ સરનામાની વિગત અને કર્મચારી નંબર સાથે ) મુદ્દા નં. ૫ સરથાણા વોટર વર્કસની અંદર સીવીલ વર્ક કોણે કોણે કરેલ.(દરેક એજન્સીના નામ સરનામાં) અને કયા પ્રકારના? વર્ષ પ્રમાણેની વિગત? મુદ્દા નં.(૬) સુરત મહાનગરપાલિકામાં જે કે. શાહની નિમણુંક થયેલ ત્યારે તેમણે કયા કયા પુરાવા આપેલ તેમજ આપેલ સર્ટીફીકેટની પ્રમાણિત કરેલ નકલો આપવી? જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ શ્રી જે.કે. શાહ કાર્યપાલક ઈજનેર તા.૨૦–૯–૦૭ થી હાઈડ્રોલીક વિભાગમાં ફરજ બજાવે છે. મુદ્દા નં.૨ શ્રી જે.કે. શાહ તા.૨૯–૪–૦૫ થી ઈસ્ટઝોનમાં કાર્યપાલક ઈજનેર તરીકે નિમણુંક કરવામાં આવેલ હતી. મુદ્દા નં.૩ શ્રી જે કે. શાહ. તા.૧૨–૮–૦૬ થી ઈસ્ટઝોનના ઝોનલચીફ તરીકેની કામગીરી બજાવતા આવેલ છે. મુદ્દા નં.૬ શ્રી જે.કે. શાહ તા.૯–૧૧–૭૬ થી સુરત મહાનગરપાલિકામાં સુપરવાઈઝર તરીકે નિમણૂંક થયેલી છે જે ઘણા લાબા સમય પહેલાની છે ઉપલબ્ધ રેકર્ડ ઉપરથી ચકાસણી કરતાં નિમણુંક સમયે રજૂ કરેલ પુરાવા કે સર્ટીફીકેની નકલો મળી શકેલ નહીં હોવાથી પૂરી પાડી શકાય તેમ નથી તેવી માહિતી પાઠવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૧૭–૯–૦૯ ના રોજ મુદ્દા નં.૪ અને ૬ ના જવાબથી સંતોષ થયો ન હોવાથી અપીલ અરજી કરેલ છે પરંતુ અરજદારે અપીલ અરજી સાથે મુદ્દા નં.૪ અંગે મળેલી માહિતી રજૂ કેરલ નથી. પરંતુ સરથાણા વોટર વર્કસમાં છેલ્લા ૨૦૦૭ પછી કેટલા કર્મચારી રાખવામાં આવેલ(નિમણુંક દરેક વિભાગ પ્રમાણે) તેમના નામ સરનામાની વિગત અને કર્મચારી નંબર સાથે આજ દિન સુધી મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર(પઅનેઈ) તરફથી શ્રી જે.કે. શાહના લીવીંગ સર્ટીફીકેટની નકલ એસ.એસ.સી. બોર્ડનું સર્ટીફીકેટ, ડીપ્લોમા સીવીલ એન્જી.નું સર્ટીફીકેટ તથા ડીગ્રી સીવીલ એન્જી. નું સર્ટીફીકેટ અત્રે પૂરક વિગતોમાં રજૂ કેરલ છે પરંતુ અરજદારને તે પુરું પડાયેલ હોય તેવું જણાતું નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૮–૦૯ ની અરજીઓથી માંગવામાં આવેલી માહિતી પૈકી અંશતઃ મુદ્દા નં.૬ અંગેની પૂરક વિગતોમાં જણાવેલ નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિજન મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને તથા મુદ્દા નં.૪ અંગે નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)તથા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક)... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ભીમજીભાઈ પટેલ,